ગાંધીનગર સમાચાર

નવી ૨૦૦૦ની નોટ પર ગુજરાતીનું પ્રભુત્વ

# શહેરમાં બેંક કર્મચારીઓની છ દિવસથી ડબલ ડયુટી

ગાંધીનગર, તા.૧૫

ભારતભરમાં પ્રધાનમંત્રી દ્વારા રૂ.૫૦૦ અને ૧૦૦૦ ની નોટબંધીના કારણે બેંક કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે. અધિકારીઓ તેમજ કર્મચારીઓ વહેલી સવારથી મોડીરાત સુધી કામ કરતા નજરે પડે છે. બેંકમાં રૂપીયા જમા કરાવવા અને એક્ષચેન્જ માટે બેંક ખાતેદારો પડાપડી કરી રહ્યા છે. છ છ દિવસના વાણા વાયા છતા ભીડ જાણે બેંક પાસેથી ખસવાનું નામ લેતી નથી. ત્યારે બેંક કર્મીઓને નોટબંધીને પગલે ડબલ ડયુટી કરવાનો વારો આવ્યો છે. બેંક મેનેજરથી લઈને પ્યુન પણ ગ્રાહકોની સેવામાં રોકાયેલા જોવા મળી રહ્યા છે. જયારે કેટલાક



કર્મચારીઓએ પોતાની લીધેલી રજા પણ કેન્સલ કરી દીધી છે અને લાઈન ઓછી નહી થાય ત્યાં સુધી રજા નહી લે તેવો સંકલ્પ કર્યો છે. જયારે બેંક મેનેજર પણ કર્મચારીઓની સાથે ખભેથી ખભો મીલાવીને કામ કરાવી રહ્યા છે. ચા, પાણી કે જમવાનો પણ કર્મીઓને ટાઈમ મળતો નથી. ચાર વાગે બંધ થઈ જતી બેંકો અત્યારે મોડીરાત સુધી ધમધમી રહી છે.

નોટબંધીના કારણે બેંકીગક્ષેત્રમાં કામ કરતા અધિકારી-કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે. સવારથી સાંજ સુધી સતત વ્યસ્ત રહેતા કર્મચારીઓને ચા, પાણી કે જમવાનો પણ સમય મળતો નથી. તેવા સમયે કર્મચારીઓને ચકકર આવવાની ઘટના પણ સામે આવી રહી છે. ત્યારે સેકટર-૧૦ મેરી ટાઈમ બોર્ડની બાજુમાં આવેલ બેંકમાં કામ કરતા કર્મચારીને વર્ક ઓવરલોડના કારણે બે ભાન થઈ જતા તાત્કાલીક ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી અને કર્મચારીને હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જયાં કર્મચારીને સારવાર આપવામાં આવી હતી.

તાજેતરમાં પ્રધાનમંત્રી દ્વારા નોટબંધીના નિર્ણયને પગલે બેંકમાં કામ કરતા કર્મચારીઓની દિશા અને દશા બદલાઈ જવા પામી છે. શાંતિથી પંખા, કુલર અને એસી નીચે બેસીને કામ કરવા ટેવાયેલા કર્મીઓને અત્યારે હાલના સમયે ભીડ જોઈને પસીને રેબઝેબ થઈ ગયા છે. મની એક્ષચેન્જ અને રૂપીયા જમા કરાવવા આવતા ગ્રાહકોની સેવામાં છેલ્લા છ છ દિવસથી કર્મચારીઓ વ્યસ્ત રહે છે. કામના ભારણ વચ્ચે કર્મીઓ એનર્જી ડ્રીંક પીને શકિત મેળવી રહ્યા છે. વ્યસ્તતાને કારણે કર્મીઓને ચા, પાણી, નાસ્તા કે જમવાનો પણ સમય નસીબ થતો નથી. રાષ્ટ્રીય કૃત અને ખાનગી બેંકોના તમામ કર્મચારીઓ ડબલ ડયુટી કરવા મજબુર બન્યા છે. બેંકોમાં નોકરી કરતા કર્મચારીઓએ પોતાની રજા કેન્સલ કરી દીધી છે ત્યારે મહિલા કર્મચારીઓએ પોતાના મેટરનીટી લીવ પણ પાછી ઠેલી દીધી છે. અત્યારે બેંકના કર્મચારીઓ માત્રને માત્ર ગ્રાહકોની સેવામાં જ વ્યસ્ત રહેતા જોવા મળે છે.

## @ગાંધીનગર

● રાષ્ટ્રીય પ્રેસ દિનની ઉજવણી નિમિત્તે ગુજરાત પ્રેસ અકાદમી દ્વારા સે-૧૬ મેરી ગોલ્ડ હોટલ ખાતે સાંજે ૫.૦૦ કલાકે (સંઘર્ષ વિસ્તારનો અહેવાલ મિડિયા માટે પડકાર) વિષય પર પરિસંવાદ યોજાશે.

## પેન્શન મેળવતા કર્મચારીઓ જોગ

ગાંધીનગર, તા.૧૫

રાજય સરકારની સેવામાંથી તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં નિવૃત થયેલ ( હાલના પેન્શનરો)નું ૭માં પગારપંચ અન્વયે સુધારેલું પેન્શન તા. ૨-૧૧-૨૦૧૬ના રોજ સરકાર દ્વારા સંબંધિત બેંક ખાતામાં જમા કરાવવામાં આવ્યું છે. પેન્શનર કર્મચારી મિત્રોએ સુધારેલુ પેન્શન જમા થયુંછે કે નહી તેની ચકાસણી કરી લેવી. તિજોરી અધિકારી (પેન્શન ચુકવણા) દ્વારા જણાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સિસ્ટમની ખામીને લીધે કેટલાક કિસ્સાઓમાં જુનું પેન્શન (પ્રિ-રિવાઈઝડ) જમા થયેલ છે. જે કિસ્સામાં પ્રિ-રિવાઈઝડ પેન્શન જમા થયેલ હોય તે પેન્શનર મિત્રોએ પીપીઓ નંબર અને બેંક પાસબુક સાથે તિજોરી અધિકારીની કચેરી સહયોગ સંકુલ બિલ્ડીંગ સિવિલ હોસ્પિટલ સામે સે-૧૧ ગાંધીનગરનો સંપર્ક કરવા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા જણાવાયુંછે.

## શહેરમાં ૨૩મીએ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ અપાશે

ગાંધીનગર, તા.૧૫

તા. ૨૩મી નવેમ્બરના રોજ પૂ.પા.ગો. ૧૦૮શ્રી વ્રજરાજજી મહોદયશ્રી રાજભોગમાં વૈષ્ણવોને બ્રહ્મસંબંધ આપવાના છે તો જે વૈષ્ણવોને બ્રહ્મસંબંધ લેવાના હોય તેઓએ કાર્યાલયમાં નામ નોંધાવવા જણાવેલ છે. બ્રહ્મસંબંધ લેનાર વૈષ્ણવે આગલા દિવસે તા. ૨૨મી નવેમ્બરના રોજ ઉપવાસ કરવાનો રહેશે તેમ ગાંધીનગર વૈષ્ણવ સમાજના માનદમંત્રીશ્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે.

## વાતવાતમાં

● સોમવારે પેથાપુરના મહુડી રોડ પર આવેલ બેંક ઓફ બરોડાની લાઈનમાં ઉભેલા એક ૬૨ વર્ષીય વૃધ્ધ થાકથી ચકકર આવવાને કારણે ઢળી પડયા હતા. લાઈનમાં ઉભેલા અન્ય નાગરિકોએ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી વૃધ્ધને સારવાર અપાવી હતી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વધુ એક મહિલા દર્દીનું બ્લડ સેમ્પલ લેબોરેટરીમાંથી ખોવાયું છે. સિવિલ હોસ્પિટલમાં વારંવાર બ્લડ સેમ્પલ ખોવાઈ જવાના કિસ્સાને પગલે આ સેમ્પલ વોર્ડમાંથી કે લેબોરેટરીમાંથી ખોવાય છે તે તપાસનો વિષય બન્યો છે.

● મહારાષ્ટ્રના પૂના જિલ્લાના સુદબાંરે ગામના બબનદાદા નામના ૭૫ વર્ષીય આધેડે ૮મી નવેમ્બરે ગાંધીનગર જિલ્લા વાસણિયા મહાદેવ ખાતે દર્શન કરવા નીકળ્યા હતા જેમનો આજ દિન સુધી પતો લાગ્યો નથી. આ બાબતે તેમના પડોશી શ્યામ રાઠોડે સેકટર-૭ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે.

● વાવોલની શુભમ રેસીડેન્સીમાં રહેતા દિલીપભાઈ મેવાડા સુથાર તા. ૬ઠ્ઠી નવેમ્બરે સાંજે ૫.૩૦ કલાકે કામ પર કારીગરો લગાવવાનું જવાનું કહી ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે જેમનો આજ દિન સુધી પત્તો લાગેલ નથી. આ ઘટના અંગે તેમના પત્નિએ સેકટર-૭ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે.

● શહેરમાં મોડી રાત્રિએ નોકરી પરથી પરત ફરતા કર્મચારીઓ ખાલી એટીએમ સેન્ટરો પર કેશ ઉપાડવાનો પ્રયત્ન કરતા જોવા મળે છે. આ ઉપરાંત કેટલાક નાગરિકો લાઈનમાં ના ઉભું રહેવું પડે એટલે વહેરી પરોઢનું એલાર્મ મુકી અજવાળુ થાય તે પહેલા એટીએમ સેન્ટરે પહોંચી રોકડ મેળવવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

# યુજીવીસીએલના ગ્રાહકોને બીલ ભરવામાં અચાનક રસ જાગ્યો...!

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરી વિસ્તારમાં ટોરેન્ટ પાવર દ્વારા લાઈટની સુવિધા આપવામાં આવે છે. જયારે શહેરી વિસ્તારની આસપાસ આવેલ ગ્રામ્ય વિસ્તારના ઘરોમાં ઉતર ગુજરાત વિજ કંપની લી. દ્વારા વિજપુરવઠો પુરો પાડવામાં આવે છે. ત્યારે નોટબંધીના સમયગાળા પહેલા ગ્રાહકોના બીલની આવક ઓછી થતી હતી. જે તે સમય પહેલા ગ્રાહક આવીને બીલ ભરી જતા હતા. પરંતુ તંત્ર દ્વારા રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ સ્વીકારવામાં આવશે તેમજ ગ્રાહક રૂ.૨૦૦૦૦ સુધી એડવાન્સ જમા કરાવી શકે છે. તેની જાણ થતા રૂપીયાની નોટો લઈ ગ્રાહકોએ લાંબી લાઈનો લગાવી હતી. છેલ્લા છ દિવસમાં યુજીવીસીએલના બીલોમાં જંગી કમાણી થવા પામી છે. નાગરીકો સ્વયંભુ એડવાન્સ રકમ જમા કરાવતા નજરે પડે છે. યુજીવીસીએલની ઓફિસે ગ્રાહકોની કતારો સર્જાયેલી જોવા મળી રહી છે.

ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં વિજપુરવઠો પુરી પાડતી યુજીવીસીએલના ગ્રાહકો નોટબંધીને પગલે બીલ ભરવા આઘા પાછા થતા હતા. ત્યારે તંત્ર દ્વારા રૂ. ૫૦૦ અને રૂ.૧૦૦૦ ની નોટ લેવાના નિર્ણયને પગલે ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગત્ તા.૮ મીના રોજ ૧૫૬ ગ્રાહકોએ બીલ ભર્યુ હતું જેની સામે રૂ.૨,૯૬,૦૭૨,રોકડ જમા થઈ



હતી. ત્યારબાદ તા.૯ના રોજ ૩૯ ગ્રાહકોએ રોકડમાં રૂ.૬૧૯૦૨, તા.૧૦ના રોજ ૨૪ ગ્રાહકોએ રૂ. ૨૦,૩૧૦, તા.૧૧ ના રોજ ૨૭૧ ગ્રાહકોએ રૂ. ૯.૮૦.૧૬૮, તા.૧૨ ના રોજ ૨૩૪ ગ્રાહકોએ રૂ.૫,૨૬,૨૮૩, તા. ૧૩ ના રોજ ૨૪૩ ગ્રાહકોએ રૂ.૧૩,૦૫,૦૦૦ જયારે તા.૧૪ના રોજ ૬૩૮ ગ્રાહકોએ અધધ રૂ.૧૭ લાખ ૬૧ હજાર જેટલી રકમ જમા કરાવી છે. ત્યારે પોતના ખાતામાં વધુ રૂપીયા જમા કરાવતા ગ્રાહકોને ત્યાં યુજીવીસીએલના કર્મચારીઓને પણ બીલ કાપવાની કે ફરીવાર જોઈન્ટ કરવાની જંજટ રહેશે નહી. જયારે માત્ર ગણતરીના દિવસોમાં જ યુજીવીસીએલ ખાતે લાખોરૂપીયા જમા ગ્રાહકોએ કરાવ્યા છે.





ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ૬૩મો અખિલ ભારત સહકાર સપ્તાહ ઉદ્‌ઘાટન અને ધ્વજવંદન સમારોહ આજરોજ સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯ કલાકે યોજાયો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ અને તાલિમ દ્વારા સહકારી સંસ્થાઓનું સશકિતકરણ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ, ગુજરાત રાજય સહકારી સંઘના વાઈસ પ્રેસીડન્ટ ઘનશ્યામભાઈ અમીન, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના કોદરભાઈ પટેલ, ગુજરાત રાજય સહકારી સંઘ અમદાવાદના ડીરેકટર લાલભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાદરા ગામે નદીમાં રેતી ચોરી મામલે ધિંગાણુ : ૧૮ ઘાયલ

ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત સાદરા ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીમાં રાખેલી લીઝમાંથી રેતી ચોરી કરવાના મામલે ગઈ મોડી સાંજે મોટું ધિંગાણું થવા પામ્યું હતું. લોખંડની કોદાળી, ધારીયુ, પાવડા અને લાકડીઓથી સામસામે હુમલા થયા બાદ પથ્થરમારો થયો હતો. આ ઘટનામાં ૧૮ વ્યકિતઓ ઘાયલ થવા પામ્યા છે. ચિલોડા પોલીસે બંને પક્ષોની ફરિયાદ લઈ ક્રોસ ફરિયાદ દાખલ કરી તટસ્થ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સાદરા ગામમાં રહેતા માંગાજી નારાજી વણઝારાએ સાદરા ગામની સીમમાં જ નદીમાં લીઝ ભાડે લીધેલી હતી. આ લીઝમાં ગઈ મોડી સાંજે ગામના જ કેટલાક શખ્સો ટ્રેકટરો મારફતે રતી ચોરી કરી રહ્યા હતાં. માંગાજીનું ધ્યાન જતા તેણે બુમ પાડી કે મારી લીઝમાંથી રેતી કેમ ભરો છો? તો વળતો જવાબ મળ્યો કે લીઝ તો હમણાં બંધ છે અને બધા ભરે છે એટલે હું પણ ભરું છું. આ મામલે બંને પક્ષે ઉગ્ર બોલાચાલી બાદ ગાળાગાળી અને મારામારી શરૂ થઈ જવા પામી હતી. થોડી જ વારમાં ગામના બીજા શખ્સો આવી ગયા અને સામસામે પથ્થરમારો કરી લાકડી, પાવડા, ધારીયા અને કુહાડી વડે હુમલો કર્યો હતો. આ ધિંગાણું માંડ શાંત પડયું હતું. આ ધમાલમાં ૧૮ વ્યકિતઓ ઘાયલ થયા હતા જયારે માંગાજી વણઝારાને માથે કુહાડી વાગતા આઠ ટાંકા આવ્યા છે. આ પ્રકરણમાં બંને પક્ષે સામસામે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. જેમાં માંગાજીની ફરિયાદને આધારે અનિલ બાબુ વણઝારા, ડાહ્યા સણા વણઝારા, મોહન રાણા વણઝારા, હરીઓમ વણઝારા સામે ગુનો નોંધાયો છે. તો બીજી તરફ અનિલ વણઝારાની ફરિયાદ આધારે માંગા નારા વણઝારા, તેજા નારા વણઝારા, કાળુ નારા વણઝારા, રાકેશ ખીમા વણઝારા, દેવા નારા વણઝારા અને કિરણ સોગા વણઝારા સામે ગુનો દાખલ કરી ચિલોડા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

# નવી ૨૦૦૦ની નોટ પર ગુજરાતીનું પ્રભુત્વ

## અંકોમાં પણ ગુજરાતી ભાષાને સ્થાન અપાયું : સહી કરનાર ગુજરાતી અને જેનો ફોટો છપાયો છે તે પણ ગુજરાતી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં જુની ૫૦૦/૧૦૦૦ની રદ થયેલી ચલણી નોટો બદલાવી ૨૦૦૦ની નવી નોટ પ્રાપ્ત કરી નગરજનો હરખાઈ રહ્યાં છે. આ નોટના રંગ, કદ અને કાગળ અંગે નગરજનોમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે. જો કે આ નવી નોટનું ઝીણવટભર્યું અવલોકન કરતા નગરજનોની છાતી ગર્વથી ફુલી રહી છે કારણકે નવી ૨ હજારની નોટ પર ગુજરાતી ભાષા તથા ગુજરાતીઓનું પ્રભુત્વ દેખાય છે.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પડાયેલ ૨૦૦૦ની નવી નોટનો મર્જેન્ટા કલર સૌ પ્રથમ દરેકને આકર્ષી રહ્યો છે જેમાં મહિલાવર્ગને આ રંગ ઘણો પસંદ પડયો છે. વળી દેશની ચલણી નોટ પર પ્રથમવાર ગુજરાતી ભાષાને પ્રાધાન્ય અપાતું હોય તેમ એકથી વધુ વાર ગુજરાતી અંકોને સ્થાન આપવામાં આવ્યું છે. વળી નોટ પર સહી કરનાર આરબીઆઈના ગર્વનર પણ ગુજરાતી છે અને જેનો ફોટો છપાયો છે તે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પણ ગુજરાતી હતા. દેશમાં હાલ વડાપ્રધાન અને શાસક પક્ષના પ્રમુખ પણ ગુજરાતી જ હોવાથી નવી નોટ પર ગુજરાતીને પ્રાધાન્ય મળતા ગુજરાતીઓમાં આનંદ સાથે ગર્વની લાગણી પ્રસરવા પામી છે.

# પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સે-૩ ખાતે યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૫

પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સે-૩ ગાંધીનગરના સેવા કેન્દ્ર દ્વારા દેવ દિવાળી નિમિત્તે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રી ગોકળદાસ સાહેબ (મહંતશ્રી, કબીર આશ્રમ અમદાવાદ) હાજર રહ્યા હતા. સર્વશ્રી પી.એમ. પરમાર-પૂર્વ ડાયરેકટર સિવિલ સપ્લાય, વિક્રમભાઈ પટેલ-ડાયરેકટર નાગરિક બેંક ગાંધીનગર, નરેન્દ્રભાઈ શાહ-વાઈસ ચેરમેન નાગરિક બેંક ગાંધીનગર, શંકરભાઈ ચૌધરી-ભાજપ શહેર મંત્રીએ પણ મહેમાન તરીકે ઉપસ્થિત રહી મંચ શોભાવ્યો હતો.





આ પ્રસંગે સુનિતાબોને જણાવ્યું કે આ કળિયુગના અંતિમ સમયે ફેલાયેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા માટે ભગવાન સ્વયં આવીને આત્મારૂપી દીપકને જ્ઞાનરૂપી ધ્રુત દ્વારા પ્રજવલિત કરે છે ત્યારે આત્માનું પોતાના પરમપિતા પરમાત્મા સાથે મિલન થાય છે. આત્માનું પરમાત્મા સાથે મિલન થવાથી પરમાત્માના ગુણો અને દિવ્ય શકિતઓ આત્મામાં ઉજાગર થાય છે.

# દેવ દિવાળી નિમિતે ૨૦૦૦ સોડાનું નિઃશુલ્ક વિતરણ

## ઘ-૨ સર્કલ પાસે સોડા પીવા નાગરીકોની લાંબી લાઈનો લાગી હતી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ઘ-૨ વિસ્તારમાં સોડાની હાટડી ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા મહેન્દ્રકાકાએ આજે દર વર્ષની જેમ નાગરીકોને દેવ દિવાળીની ૨૦૦૦ સોડા વિવિધ પ્રકારની નિઃશુલ્ક પીવડાવી હતી. મહેન્દ્રકાકાની સોડા નવા સેકટરોમાં વસતા નાગરીકોમાં લોકપ્રિય છે. ત્યારે આજે સોડા પીવા સવારના ૧૦ કલાકથી જ નાગરીકોની ભારે ભીડ જામી હતી. આ સુંદર પ્રસંગે સેકટર-૨ સી ગણેશ યુવક મંડળ દ્વારા મહેન્દ્રકાકાનું ફુલ-હાર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને વર્ષમાં બે વાર નિઃશુલ્ક સોડા પીવડાવવાના મહેન્દ્રકાકાના સેવાના અભિગમને બિરદાવ્યો હતો.

વિરમગામ નજીકના અંતરીયાળ ગામડાના મહેન્દ્રકાકાએ ગાંધીનગર શહેરને આશરે દસ વર્ષ પહેલા પોતાનું કાર્યક્ષેત્ર બનાવી દીધુ હતું. વિરમગામમાં પણ સોડાનો જ વેપાર હોવાથી આ ધંધામાં તેમની માસ્ટરી છે. એકવાર મહેન્દ્રકાકાની સોડા જે ગ્રાહક પીને જાય તે બીજીવાર સોડા પીવા અચુક આવે... તેમની અવનવી સ્કીમ અને નાના થી મોટા દરેક ગ્રાહકને માનથી બોલાવવાની તેમની આદત ગ્રાહકોને ત્યાં ખેંચી લાવે છે. સોડા ન ભાવે તો પૈસા પરત... આ શબ્દ તેઓ દરેક ગ્રાહકને રોજ કહે છે પરંતુ હજુ સુધી કોઈવાર પૈસા પરત આપવાની ફરજ પડી નથી. રોજ કમાઈને રોજ ખાતા મહેન્દ્રભાઈ વર્ષમાં બે વાર ગાંધીનગરાઓને સોડા ફ્રીમાં પીવડાવે છે. જેમાં દેવ દિવાળી અને જન્માષ્ટમીનો સમાવેશ થાય છે. આજે સવારથી જ ઘ-૨ ખાતે તેમની લારીની આસપાસ ગ્રાહકો માટે મંડપ બાંધીને સુંદર વ્યવસ્થા કરી હતી.



લારી પાસે નાશિક ઢોલ વાગતુ હતું જેથી ત્યાંથી પસાર થતા નાગરીકોનું ધ્યાન જતા દરેકને બોલાવીને સોડા પીવડાવવામાં આવતી હતી. ત્યારે સે-૨ સી ગણેશ યુવક મંડળના બન્ટીભાઈ અને અન્ય યુવાનોએ મહેન્દ્રભાઈનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં નાગરીકો હાજર રહ્યા હતા. સોડા પીવા માટે સવારથી જ સોડા પીવાના શોખીનો આવી પહોંચતા લાંબી કતારો સર્જાઈ હતી. સવારથી બપોર સુધી ૨૦૦૦ સોડાનું નિઃશુલ્ક વિતરણ કરીને મહેન્દ્રકાકાએ આગવી શૈલીથી દેવ દિવાળીની અનોખી રીતે ઉજવણી કરી હતી.

# કાશ્મીરથી કન્યાકુમારી સાયકલ રેલી ૧૯મીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા.૧૫

ભારત સરકારના શહેરી મંત્રાલય, જમ્મુ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા રોટરી કલબ ડિસ્ટ્રીકટ ૩૦૭૦ દ્વારા સ્વચ્છ ભારત સંદેશા સાથે તા. ૭મી નવેમ્બરથી ‘કાશ્મીરથી કન્યાકુમારી’ સુધીની સાયકલ રેલી યોજવામાં આવી છે. આ સાયકલ રેલી તા. ૧૯મી નવેમ્બરના રોજ ગાંધીનગર ખાતે પહોંચશે.

સમગ્ર ભારત દેશમાં ‘સ્વચ્છ ભારત’ સંદેશને પ્રસરાવવાના હેતુથી તથા સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી ‘કાશ્મીરથી કન્યાકુમારી’ સુધીની સાયકલ યાત્રા યોજાઈ છે. જે તા. ૯મી ડીસેમ્બરે કન્યાકુમારી પહોંચશે. આ સાયકલ મહારેલી તા. ૧૯મી નવેમ્બરે ગાંધીનગર આવી પહોંચશે જેને તા. ૨૦મી નવેમ્બરે ૩ હજાર સાયકલવીરો માનભેર વિદાય આપશે. કાશ્મીરથી નીકળેલી સાયકલરેલીમાં ૨૨ સાયકલિસ્ટો છે જેઓએ સ્વચ્છ ભારતના સંદશને ઘરે ઘરે પહોંચાડવા આ અભિયાન હાથ ધર્યુ છે.

## ચિરવિદાય

- સ્વ. અંબાલાલ મંગળદાસ શાહ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકર સરસ્વતીબેન ચીમનલાલ, ઉ.વ. ૯૩
- સ્વ. શાંતાબેન બાબુજી ઠાકોર, ઉ.વ. ૬૧
- સ્વ. શકરીબેન ગાભુજી ઠાકોર, ઉ.વ. ૬૬
- સ્વ. હિરાબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. પ્રકાશભાઈ પ્રહલાદભાઈ શ્રીમાળી, ઉ.વ. ૧૧
- સ્વ. તારાબેન ચંદુલાલ ભટ્ટ, ઉ.વ. ૯૦